**ફોજદારી કેસ નંબર : ૨૭/૨૦૨૬**

**આરોપીનું નામ : સુજાત હનિફભાઇ બમ**
**ગુન્હો :– બી.એન.એસ. કલમ–૨૮૫ મુજબ....**

## : ચુકાદો :

**૧.** આ કામના આરોપી વિરૂઘ્ધ પોલીસ દ્રારા ઉપરોકત મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપી વિરૂઘ્ધ પુરતા પુરાવા પડતાં હોય અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**૨.** આરોપી હાજર થતાં, આરોપીને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ આરોપી પોતાની સામેનો ગુનો કબુલ કરવા માંગતા હોઈ, ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે. જે ધ્યાને લેતાં, આરોપી સ્વેચ્છાપૂર્વક હાલનો ગુનો કબુલ કરવા માંગતા હોઈ, આરોપીની કબુલાત સ્વિકારી આરોપીને તેમની સામેના ગુનાની હકીકત વાંચી–સંભળાવી, સમજાવતાં, આરોપી કોઈપણ જાતની ધાક ધમકી કે દબાણ વગર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોય તેમ જણાવે છે. જેથી આરોપીની હાલના ગુનાના કામે પ્લી રેકર્ડ કરી. આરોપી પ્લીમાં પણ ગુનો કબુલ હોવાનું સ્વિકારી અને તેમને પ્રથમ ગુનો હોઈ અને પોતે બાળ–બચ્ચાવાળા હોઈ અને કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શીરે હોવાનું જણાવી હળવી સજા કરવા વિનંતી કરેલ છે.

**૩.** આરોપીની ગુનાની કબુલાત જોતાં, તે સ્વૈચ્છીક હોવાનું જણાઈ આવે છે. જેથી આરોપીની ગુના કબુલાત સ્વિકારી આરોપીની ગુના અંગેની વિગતો તથા તેઓએ ગુનો કબુલ કરેલ છે. તે હકીકત તેમજ **નામદાર ગુજરાત હાઈકોર્ટે ૨૦૫(૧), જી.એલ.આર. પાન નંબર – ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવર હિરાચંદજી ઠાકોર તેમજ ૨૦૧૩(૨), જી.એલ.આર. ૯૭૪ રમેશચંદ્ર ભીખાલાલ વિરૂઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિંઘ્ધાતો અનુસાર આરોપીને હળવી સજા કરવાનું વ્યાજબી જણાતું હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**~: હુકમ :~**

- આ કામના આરોપીને બી.એન.એસ. કલમ–૨૮૫ મુજબ ગુનામા તકસીરવાન ઠરાવી, સદર ગુના સબબ આરોપીને રૂા.૫૦૦/– ( અંકે રૂપિયા પાંચસો પુરા ) નો દંડની સજા ફરમાવવામા આવે છે. આરોપી જો દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કામે જો કોઇ વેલ્યુબલ મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ હોય અને તે અંગે અગાઉ કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે શરતો વિના કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે અન્યથા માંગણી ઉભી થયેથી મુદ્દામાલની માલીકીની ખરાઈ કરી માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે તથા નોન વેલ્યુબલ મુદ્દામાલ જો હોય તો તેનો અપીલ પીરીયડ વિત્યેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૧૧મી, માહે – જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તા.૧૧ / ૦૭ /૨૦૨૬**
**માંગરોળ.**

**( એસ.પી. ચોપરા)**
**જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**માંગરોળ.**
**જજ કોડ–જીજે૦૧૩૭૭**